## સુચનો

(૧) સભાસદ પ્રવેશ અરજી, રાજીનામાની અરજી, કરજ માંગણી અને બચત ઉપાડ વગેરેની અરજીઓ દર માસની ૨૦મી તારીખ સુધીમાં મંત્રીશ્રીને મોકલી આપવું ત્યારબાદ આવેલી અરજીઓ આગામી માસ ઉપર મુલત્વી રાખવામાં આવશે.

(૨) કરજ માગણીદાર સભાસદે સ્વ હસ્તાક્ષરમાં સંપૂર્ણ વિગતો ભરી બે જામીનની સહીઓ અને મુખ્ય શિક્ષક ના સહી સિક્કા કરાવીને ફોર્મ રજુ કરવું. જામીનદારની જાણબાર કોઈએ તેની સહી કરવી નહી.જેની જવાબદારી જે તે કરજદારની થશે.

(૩) કરજ લેવા માગતા સભાસદે સ્ટેમ્પ વાળુ કરજ ફોર્મ મેળવવા નિયત નમૂનામાં સંપૂર્ણ વિગત ભરી સ્ટેમ્પ ફી ના નાણાં જમા કરાવવા. અન્યથા કરજ ફોર્મ મળશે નહી.

(૪) કોઈ પણ સભાસદ ચાર કરતા વધારે કરજદારના જામીન ન થાય તેની તકેદારી રાખવી.જો વધારે કરજદારના જામીન થશે. તો આ અંગેની જવાબદારી તેમની રહેશે. બિન સભાસદ જામીનદાર માટે અમાન્ય ગણાશે.

(૫) મંજુર થયેલ કરજ, બચત ઉપાડ, રાજીનામાં મંજુરી બાબતે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવતો નથી. કરજ, બચત ઉપાડ મંજૂર થયેલ નાણાં બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવે છે. મંડળી માં કોઈ રોકડ વ્યવહાર કરવામાં આવતો નથી.

(૬) મંડળીના કામકાજ માટે સોમવાર અને ગુરૂવાર સવારે ૯:૦૦ થી ૧૦:૩૦ થી શનિવારે ૧૨:૦૦ થી ૧:૦૦ કલાક સુધી નક્કી કરવામાં આવ્યો છે. શાળા સમય દરમ્યાન મંડળીનું કામકાજ બંધ રહેશે.

(૭) મંડળીના વિકાસ વહીવટ અંગેના સુચનો અને ઠરાવો ચેરમેન તા. ૨૫/૦૬/૨૦૨૬ સુધી મોકલી આપવાં.

(૮) તમારો તા. ૩૧/૦૩/૨૦૨૬ સુધીનો સંપૂર્ણ હિસાબ ઓનલાઈન ચેક કરી લેવો. ભૂલ જણાય તો ૨૫/૦૬/૨૦૨૬ સુધીમાં મંત્રીને રૂબરૂમાં મળી સ્પષ્ટતા કરી જવી. અન્યથા તમારો હિસાબ બરાબર છે તેમ માની લેવામાં આવશે.

(૦૯) ધિરાણ લેનાર સભાસદે ચેક ક્રોસ કરી ધી ધોળકા ટીચર્સ કો.ઓ.કે.એન્ડ સ્લાય સો.લી.ના નામનો લખીને આપવો.

(૧૦) વધુ માહિતી માટે સંપર્ક કરશો. આભાર

સ્થળ : ધોળકા      તા.૩૦/૦૬/૨૦૨૬

Web address : http://dholkateachersmandali.com/

DHOLKA TEACHERS MANDLI-APPS ON GOOGLE PLAY STORE

E-mail : dholkasocity@gmail.com 9408636463,9998855181

| પરેશભાઈ એમ. રાઠોડ<br>સેક્રેટરીશ્રી<br>ધો ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી. | ખોડુભાઈ એન. પઢિયાર<br>ચેરમેનશ્રી<br>ધો ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી. |
|---|---|

**નોંધ : સ્વરૂચિ ભોજન સાથે લઈશું.**

**બુક પોસ્ટ**

શ્રી ________________________________

પ્રાથમિક શાળા ________________________________

રવાના : ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી. ધોળકા.

રીવાબા એન્ટરપ્રાઈઝ - ગણેશ પ્લાઝા ધોળકા. મો.૯૮૯૮૪૦૭૬૫૪



॥ શ્રીવા ॥

॥ શ્રી ગણેશાય નમઃ ॥



સંગઠન સહકાર... સેવા સંપ... સદ્ભાવ એકતા...

# ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી.

સ્થાપના
તા.૧૦-૧૦-૨૦૧૪

દેવ ગણેશ લેકવ્યુ,વિરાટ સરોવર મઘીયા,
તા. ધોળકા, જિ. અમદાવાદ-૩૮૨૨૨૫
E-mail : dholkasocity@gmail.com
Web address : http://dholkateachersmandali.com/

સભ્ય સંખ્યા
૪૭૭

ચેરમેનશ્રી,
મો.૭૯૮૪૧૦૫૦૯૦

સેક્રેટરીશ્રી,
મો.૯૪૦૮૬૩૬૪૬૩

તારીખ : ૩૦/૦૬/૨૦૨૬

સમય : ૧૨:૩૦ કલાકે.

ધી ધોળકા ટીચર્સ ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી.
સેવા - સહકાર - સમૃદ્ધિ
રજી. નં. સે. ૪૦૫૬૨
ધોળકા
સ્થાપના તારીખ ૧૦/૧૦/૨૦૧૪
http://dholkateachersmandali.com/

ઓડીટ વર્ગ - બ

## તા.૧-૪-૨૦૨૫ થી તા. ૩૧-૩-૨૦૨૬ ના રોજ પુરા થતાં વર્ષનો

# બારમો વાર્ષિક અહેવાલ

| | | | |
|---|---|---|---|
| શેર ભંડોળ | ૧,૩૧,૩૯,૦૦૦.૦૦ | કરજ ધિરાણ | ૧૭,૦૯,૪૪,૦૦૦.૦૦ |
| ફરજીયાત બચત | ૩,૩૧,૭૬,૭૮૦.૦૦ | એસ.બી.આઈ.બેંક | ૬,૧૨,૯૬૧.૩૫ |
| ચાલુ બચત | ૧,૬૯,૬૨,૬૨૪.૦૦ | એ.ડી.સી.બેંક | ૧૧૫૬૦.૦૦ |
| રીઝર્વ ફંડ ખાતે | ૩૧,૬૦,૮૩૨.૭૧ | ડેડ સ્ટોક | ૯૭૦૦.૦૦ |





















Web address : http://dholkateachersm DHOLKA TEACHERS MANDLI-APPS ON GOOGLE PLAY STORE

સંગઠન સહકાર... સેવા સંપ... સદ્‌ભાવ એકતા...

# ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી.

**સ્થાપના**
**તા.૧૦-૧૦-૨૦૧૪**

**ચેરમેનશ્રી,**
**મો.૭૯૮૪૧૦૫૦૯૦**

**સભ્ય સંખ્યા**
**૪૪૭**

**સેક્રેટરીશ્રી,**
**મો.૯૪૦૮૬૩૬૪૬૩**

**દેવ ગણેશ લેકવ્યુ,વિરાટ સરોવર મધીયા,ધોળકા. તા.ધોળકા,જિ.અમદાવાદ - ૩૮૨૨૨૫**

E-mail : dholkasocity@gmail.com

Wed address : http://dholkateachersmandali.com/

| | | |
|---|---|---|
| ખોડુભાઈ એન. પઢિયાર<br>ચેરમેનશ્રી<br>મો. ૯૪૨૭૨૬૬૫૪૪ | ભરતભાઈ જે. ચૌહાણ<br>વા.ચેરમેનશ્રી,<br>મો. ૯૬૨૪૦૬૯૫૫૬ | પરેશભાઈ એમ. રાઠોડ<br>સેક્રેટરીશ્રી,<br>મો. ૯૯૯૮૫૫૧૮૧ |
| જસુભાઇ એસ. ચૌહાણ<br>ક.સભ્યશ્રી<br>મો. ૯૪૦૮૫૦૩૯૯૩ | વિપુલકુમાર એમ. પ્રજાપતિ<br>ક.સભ્યશ્રી<br>મો.૯૯૦૯૯૧૮૯૫૦ | કિરીટસિંહ જી. મંડોરા<br>ક.સભ્યશ્રી<br>મો.૯૭૨૪૯૪૯૨૯૭ |
| નરેશભાઈ એ. રાઠવા<br>ક.સભ્યશ્રી<br>મો. ૯૬૬૨૦૪૭૪૮૦ | લક્ષધીરસિંહ કે. પઢેરિયા<br>ક.સભ્યશ્રી<br>મો.૯૮૯૮૪૦૭૬૫૪ | વિનોદભાઈ એચ. અલગોતર<br>ક.સભ્યશ્રી<br>મો. ૯૯૭૮૮૧૦૬૦૭ |
| બહાદુરસિંહ સી. ઠાકોર<br>ક.સભ્યશ્રી<br>મો. ૯૮૭૯૮૪૯૨૧૨૧ | રાધેશ્યામભાઈ પી. પટેલ<br>ક.સભ્યશ્રી<br>મો. ૯૭૨૫૩૪૪૬૧૬ | સંજયગીરી વી. ગોસાઈ<br>ક.સભ્યશ્રી<br>મો. ૯૮૯૮૭૫૦૩૩૭ |
| કિશોરકુમાર બી. પરમાર<br>ક.સભ્યશ્રી<br>મો. ૯૪૨૭૮૧૫૩૨૪ | અલ્પેશભાઈ એચ. મકવાણા<br>ક.સભ્યશ્રી<br>મો. ૯૦૯૯૨૩૦૬૬૯ | અમૃતલાલ જે. પંચાલ<br>ઓડીટરશ્રી<br>મો. ૯૮૨૪૪૧૩૦૬૮ |
| | જશુભાઈ જે. પરમાર<br>ઓડીટરશ્રી<br>મો. ૯૪૨૮૬૧૨૭૦૨ | |

ચાલુ બચત ૭ % વ્યાજ
ફરજિયાત બચત ૮.૫ % વ્યાજ

શેર ડિવિડન્ડ ૧૩ %

થાપણ ઉપર ૯.૦૦ % વ્યાજ

કરજ ધિરાણ ૧૫ લાખ

કરજ ધિરાણ વ્યાજ ૧૦.૫ %

## :: અમારી મંડળીની વિશેષતા ::

- ૨૪/૭ મંડળી સોફ્ટવેર દ્વારા સંપૂર્ણ પારદર્શક બેંક દ્વારા એકાઉન્ટ પે થી વહિવટ.
- માત્ર ૧૦ વર્ષના સમય દરમ્યાન ૧૫ લાખ સુધીની કરજ મર્યાદા.
- તમામ સભ્યોને વર્ષનાં અંતે આકર્ષક ઉપહાર.
- મંડળીનાં તમામ સભ્યો માટે સોલાર રૂફટોપ યોજના.
- સભાસદનાં પર્સનલ મોબાઈલ એપ્લીકેશન દ્વારા સભાસદોનાં ખાતાની દરેક વર્ષની સંપૂર્ણ માહિતીની ઓનલાઈન સુવિધા.
- કરજ ધિરાણ મર્યાદા મુજબ સભાસદ વિમા કવચ યોજના.
- બચત તથા થાપણ પર આકર્ષક વ્યાજ. શેર ભંડોળ પર સારૂ ડિવિડન્ડ.

Google Play Store App
**Dholka Teachers Mandali**

Web address : http://dholkateachersm

DHOLKA TEACHERS MANDLI-APPS ON GOOGLE PLAY STORE

# ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી.ધોળકા

## ● વ્યવસ્થાપક કમિટી ●

| | | | |
|---|---|---|---|
| ૧. | ચેરમેનશ્રી | ખોડુભાઈ નટુભાઈ પઢીયાર | પ્રા.શાળા ભુંભલી |
| ૨. | વા.ચેરમેનશ્રી | ભરતભાઈ જશુભાઈ ચૌહાણ | સી.આર.સી.કોઠ |
| ૩. | સેક્રેટરીશ્રી | પરેશભાઈ મેરૂભાઈ રાઠોડ | પ્રા.શાળા ભેટાવાડા |
| ૪. | ક.સભ્યશ્રી | જસુભાઇ સુલતાનભાઇ ચૌહાણ | પ્રા.શાળા ગીરંદ |
| ૫. | ક.સભ્યશ્રી | વિપુલકુમાર મોતીભાઈ પ્રજાપતિ | પ્રા.શાળા કન્યા-૧ |
| ૬. | ક.સભ્યશ્રી | કિરીટસિંહ ગોવિંદસિંહ મંડોરા | પ્રા.શાળા મફલીપુર |
| ૭. | ક.સભ્યશ્રી | નરેશભાઈ આદલીયાભાઈ રાઠવા | પ્રા.શાળા કોદાળીયાપુરા |
| ૮. | ક.સભ્યશ્રી | લક્ષધીરસિંહ ખુમાનસિંહ પઢેરીયા | સી.આર.સી.કુમાર-૫ |
| ૯. | ક.સભ્યશ્રી | વિનોદભાઈ હનુભાઈ અલગોતર | સી.આર.સી.ગુંદી |
| ૧૦. | ક.સભ્યશ્રી | બહાદુરસિંહ ચુનીભાઈ ઠાકોર | પ્રા.શાળા ત્રાંસદ |
| ૧૧. | ક.સભ્યશ્રી | રાધેશ્યામભાઈ પ્રમોદચંદ્ર પટેલ | પ્રા.શાળા - કન્યા ૧ |
| ૧૨. | ક.સભ્યશ્રી | સંજયગીરી વિનોદગીરી ગોસાઈ | પ્રા.શાળા રૂપગઢ |
| ૧૩. | ક.સભ્યશ્રી | કિશોરકુમાર બુધાલાલ પરમાર | પ્રા.શાળા ટપરપુરા |
| ૧૪. | ક.સભ્યશ્રી | અલ્પેશભાઈ હરિભાઈ મકવાણા | પ્રા.શાળા ગાણોલ |
| ૧૫. | ઓડીટરશ્રી | અમૃતલાલ જ્યંતિલાલ પંચાલ | પ્રા.શાળા કૌકા |
| ૧૬. | ઓડીટરશ્રી | જશુભાઈ જેઠાભાઈ પરમાર | પ્રા.શાળા સરંડી |

## ● ઓડિટર્સ ●

**ઓડિટર્સ શ્રી અમદાવાદ જિલ્લા રજીસ્ટાર કચેરી**
**(સહકારી મંડળી) અમદાવાદ**

## ● બેન્ક ●

**સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા-ધોળકા,**
**એ.પી.એમ.સી. શાખા અને એ.ડી.સી. બેંક - ધોળકા શાખા.**

**" વ્યક્તિગત સ્વાર્થ ભૂલી જઈ સારૂ કામ થતું હોય તો**
**એમાં થાય તે કરી છૂટવાની વૃત્તિ રાખો "**
**- સરદાર વલ્લભભાઈ પટેલ (૯-૩-૧૯૪૨)**

# ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી.ધોળકા

## વાર્ષિક સાધારણ સભાની નોટીસ

શ્રી સભાસદ પ્રાથમિક શાળા,..........................................................................................................

જય ભારત સહ ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડિટ એન્ડ સપ્લાય સો.લી.ધોળકા ના તમામ સભાસદ ભાઈઓ-બહેનો ને જણાવવામાં આવે છે કે મંડળીની બારમી વાર્ષિક સાધારણ સભા શ્રી અંકિતકુમાર એચ. પટેલ (મુખ્ય શિક્ષકશ્રી - મિશ્ર શાળા ધોળકા) ના અધ્યક્ષ સ્થાને તા.૩૦/૦૬/૨૦૨૬ ને મંગળવારના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે કન્યા શાળા નં. ૧ ના હોલમાં આયોજન કરેલ છે. સભામાં નીચેની કાર્યસૂચીમાં જણાવેલ કામો હાથ ધરવામાં આવશે. સભામાં તમામ સભાસદોને સમયસર હાજર રહેવા વિનંતી.

| તા. ૩૦/૦૬/૨૦૨૬ | સમય : ૧૨:૩૦ | સ્થળ : કન્યા શાળા નં.૧,ધોળકા. |
|---|---|---|

### કાર્યસુચિ

૧. ગત તા.૩૦/૦૬/૨૦૨૫ ની ખાસ સાધારણ સભાનું પ્રોસીડીંગ વાંચી મંજુર કરવા બાબત.

૨. સભાસદના તેજસ્વી બાળકોનું તથા નિવૃત સભાસદ સન્માન તથા અવસાન થયેલ સભાસદને શ્રધ્ધાંજલી આપવા બાબત.

૩. તા.૩૧/૦૩/૨૦૨૬નાં રોજ પુરા થતા વર્ષનું વ્યવસ્થાપક કમિટીનું નિવેદન.

૪. તા.૩૧/૦૩/૨૦૨૬નાં રોજ પુરા થતા વર્ષના તારીજ, સરવૈયું અને નફા-તોટો વાંચી મંજુર કરવા બાબત.

૫. વ્યવસ્થાપક કમિટીની ભલામણ મુજબ નફાની અને સને ૨૦૨૬-૨૦૨૭ નું બજેટને બહાલી આપવા બાબત.

૬. પેટા કાયદામાં સુધારાઓ બાબત.

૭. વ્યવસ્થાપક કમિટીની ભલામણ કરેલ વહિવટી નિયમો અને સભાસદનાં આવેલ સૂચનો વાંચી જરૂરી ઠરાવોને બહાલી આપવા બાબત.

૮. કરજ ધિરાણ,થાપણ,શેર ડીવીડન્ડ,બચતનાં વ્યાજ બાબત.

૦૯. સભાસદ મૃત્યુ સહાય લાભ યોજના બાબત.

૧૦. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે.

નોંધ : (૧) કોરમના અભાવે મુલત્વી રહેલી સાધારણ સભા અડધા કલાક પછી હાજર રહેલા સભ્યોનું કોરમગણી એ જ સ્થળે મળશે. જેમાં થયેલા કામકાજ કાયદેસર થયેલ ગણવામાં આવશે. (૨) મંડળીના વિકાસ અને વહીવટ અંગેના સુચનો અને ઠરાવો ચેરમેનશ્રીને તા.૨૫/૦૬/૨૦૨૬ સુધી મોકલાવી આપવા. (૩) આ સાથે મંડળીનો અને તમારો તા.૩૧/૦૩/૨૦૨૬ સુધીનો સંપૂર્ણ વાર્ષિક હિસાબ વેબ સાઈટ તથા સોફ્ટવેર પર કાયમી ધોરણે મુકેલ છે.હિસાબ અંગે તમોને કોઈ પ્રશ્ન કે ભુલ જણાય તો તા.૨૫/૦૬/૨૦૨૫ સુધીમાં મંત્રીશ્રીને રૂબરૂમાં મળી સ્પષ્ટતા કરી જવી અથવા લેખિતમાં જણાવી દેવું. અન્યથા તમારો હિસાબ બરાબર છે તેમ માની લેવામાં આવશે. (૪) આપના સંતાનોની શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં લેવામાં આવેલ ધો. ૧૦-૧૨ તથા સ્નાતક સમક્ષ તમામ કોર્ષનાં અંતિમ પરીક્ષામાં પાસ થયાની માર્કશીટની ઝેરોક્ષ કોપી તા.૨૦/૦૬/૨૦૨૬ સુધી આપના ગૃપના કારોબારી સભ્ય મારફત મોકલી આપશો. સમયમર્યાદા બહાર આવેલ માર્કશીટ રદ કરવામાં આવશે. જે સભાસદ વાર્ષિક સાધારણ સભામાં ગેરહાજર રહેશે તેમના સંતાનનાં ઈનામ કે પ્રોત્સાહન ઈનામ માટે હક્કદાર રહેશે નહી.

સ્થળ : ધોળકા
તારીખ : ૩૦/૦૬/૨૦૨૬

| | |
|---|---|
| પરેશભાઈ એમ. રાઠોડ | ખોડુભાઈ એન. પઢિયાર |
| સેક્રેટરીશ્રી | ચેરમેનશ્રી |
| ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી. | ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી. |

# ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી.ધોળકા

## ચેરમેનશ્રીનું નિવેદન

વ્હાલા સભાસદ ભાઈઓ/બહેનો

સાદર નમસ્કાર

" વિના સહકાર નહીં ઉધ્ધાર " ને સાર્થક કરી આપ સૌના અનન્ય સહકારથી આપણી મંડળી સહકારી પ્રવૃત્તિનાં માર્ગે મક્કમતા પૂર્વક સમયની સાથે કદમ મિલાવી બારમું કાર્યાન્વિત વર્ષ પૂર્ણ કરી તેરમાં વર્ષમાં પ્રસ્થાન કરે છે ત્યારે આપની સમક્ષ બારમો વાર્ષિક વહિવટી અહેવાલ વ્યવસ્થાપક કમિટી વતી રજુ કરતાં અને વાર્ષિક સાધારણ સભામાં આવકારતા અત્યંત આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી. ની સ્થાપના કરવાની યોજનાને મૂર્તિમંત કરવામાં આપ સૌનો સહકાર અવિરત મળતો રહ્યો છે. આપ સૌનાં સહકાર અને પુરુષાર્થ થકી ગઈ સાલ અગીયારમાં વાર્ષિક અહેવાલમાં જણાવ્યા મુજબ સિધ્ધિ મેળવી શકયા છીએ. આપણી મંડળી ઝરણામાંથી સાગર નહી પણ મહાસાગર જેવી બની રહી છે. જેની અનુભૂતિ આપ સૌને છે. મંડળીનાં વિકાસની વાત માત્ર કાગળ પર ન રહેતા પરિણામલક્ષી બની છે. જેનાં સારા પરિણામ આપણે ભોગવી શક્યા છીએ. ખૂબ જ ટૂંકા સમયમાં આપ સહુનાં સહકાર થકી આપણી મંડળી શિક્ષક સભાસદને રૂા.૧૫૦૦૦૦૦/- અને વિદ્યાસહાયકને રૂા.૫૦૦૦૦૦/- સુધીનું કરજ ધિરાણ ખૂબ સરળતાથી કોઈપણ પ્રકારની લોન કે કેશક્રેડિટ મેળવ્યા સિવાય આપવા માટે મંડળી સક્ષમ બની છે. જે સૌ સભાસદ મિત્રોને આભારી છે. ફોર્મ મૂકે કે તરત જ પરિસ્થિતિને આધીન રહી ધિરાણ આપવામાં આવેલ છે તે આપ સૌએ અમોને આર્પેલી સહકારી શક્તિનો પરિચય છે. મંડળીનાં વિકાસની વાત કરીએ તો વિકાસ હરણફાળ નહીં પરંતુ રોકેટ ગતિએ વિકાસ થઈ રહ્યો છે. અમારે કહેવું જોઈએ કે આજની અસહ્ય મોંઘવારી,આર્થિક કટોકટી અને આર્થિક મંદીમાં નાણાં મહત્વની બાબત છે. જો આપણે ઉન્નત મસ્તકે અને આયોજનબધ્ધ રીતે રહેવુ હોય તો સરળતાથી સૌજન્યપૂર્ણ વ્યવહારે નાણાં મળી રહે તેવું આયોજન અનિવાર્ય થઈ પડે છે. આવું આયોજન કરવાની તક અને આપની જરૂરિયાતો પૂર્ણ કરવા વિપરિત પરિસ્થિતિમા પણ અમારામાં તથા અમારા કારોબારી સભ્યોમાં આપ સહુએ અતૂટ વિશ્વાસ મૂકી સહકાર આપી સેવા કરવાની તક આપી તે બદલ અમો સૌ આપના ઋણી છીએ.

મિત્રો સહકારનો સિધ્ધાંત એ છે કે જરૂરિયામંદ દરેક સભાસદને ઓછા વ્યાજે સરળતાથી કરજ મળી રહે, બચત તથા થાપણનું ઊંચુ વ્યાજ અને શેર ઉપર વધારે ડિવિડન્ડ મળે. આ વર્ષે બચત થાપણ ઉપર ૯% વ્યાજ, ફરજિયાત બચત પર ૯% અને ચાલુ બચતનું ૮% વ્યાજ આપવાનું નક્કી કરેલ છે. ચાલુ વર્ષે નફાની ફાળવણી કરી આપ સૌની મંજૂરીની અપેક્ષાએ ૧૩% શેર ડિવિડન્ડ વહેંચવાની નેમ રાખીએ છીએ. હાલમાં કરજ ધિરાણ મર્યાદા રૂા. ૧૫૦૦૦૦૦/- છે.

મંડળીના સૌ સાથીદાર કારોબારી સભ્યશ્રીઓ, પે સેન્ટર આચાર્યશ્રીઓ અને મંત્રીશ્રી તથા સૌ સભાસદોનો વર્ષ દરમ્યાન ખૂબ જ સાથ સહકાર પ્રાપ્ત થયેલ છે અને સૌના સહકારથી ચાલુ વર્ષમાં આપણી મંડળીના ઉમદા વહિવટ અને વિશ્વાસને લીધે જરૂરીયાત મુજબ પુરતી થાપણ મળી રહેલ છે. દરેક સભાસદોની સગવડતા પૂર્ણ કરી ૧૦,૮૨,૮૧,૮૦૦/- કરજ ધિરાણ આપી યોગ્ય મદદરૂપ બની શકયા છીએ. ચાલુ વર્ષે ૧૩% ડિવિડન્ડ આપનાં વ્ય.કમિટીએ જનરલ સભાની બહાલીની અપેક્ષાએ બેંક ખાતામાં જમા કરવામાં આવેલ છે.

આપણી મંડળીનાં વહિવટમાં તાલુકા વિકાસ અધિકારી સાહેબશ્રી, તા.પ્રા.શિક્ષણાધિકારી સાહબેશ્રી, તા.પં.હિસાબી શાખા,તા.પં.સ્ટાફ,જિલ્લા રજીસ્ટાર કચેરી,સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા તથા બી.આર.સી. સ્ટાફ તરફથી સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયેલ છે.

સહકાર બદલ આભાર...

ખોડુભાઈ એન. પઢિયાર
ચેરમેનશ્રી
ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી.

# ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી.ધોળકા

## મંત્રીશ્રીનું નિવેદન

**વ્હાલા સભાસદ ભાઈઓ/બહેનો**
**સાદર નમસ્કાર**

આપ સૌ સભાસદ ભાઈઓ બહેનોએ મારામાં સંપૂર્ણ વિશ્વાસ રાખી સેવા કરવાની તક આપી તે બદલ આપ સૌનો હ્રદયપૂર્વક આભાર માનું છું.

વર્ષ ૨૦૨૫-૨૦૨૬ ના વાર્ષિક અહેવાલ રજુ કરતા આનંદ અને હર્ષની લાગણી વ્યકત કરુ છું. આ સંસ્થા આપણા સૌ સભાસદોની આર્થિક સધ્ધરતા વધારવામાં ફાળો આપી સંસ્થા પ્રગતિ કરતી રહે તેવી પ્રાર્થના અને આપ સૌને આપની સંસ્થાની બારમી વાર્ષિક સાધારણ સભામાં પધારવાનું નિમંત્રણ આપતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવુ છુ. એકલા હાથે ક્યારેય તાળી પડતી નથી. સૌના સહિયારા પ્રયત્નો,શુભ નિષ્ઠા,સહકાર,પ્રમાણિકતા,સંપ અને સુનિશ્ચિત આયોજન દ્વારા જ આપણે સંસ્થાને પ્રગતિના પંથે લઈ જઈ શકીશું.

આપણી મંડળીએ ૧૨ વર્ષ પૂર્ણ કર્યા છે. તે સાથે સંસ્થાનું રીઝર્વ ફંડ ૩૧,૬૦,૮૩૨.૭૧/- થી વધુ પામેલ છે. કરજ ધિરાણ ૧૭,૦૯,૪૪,૦૦૦/- તરફ છે. ફરજિયાત બચત પર ૯% વ્યાજ ચૂકવેલ છે.

આપણી સંસ્થાની આર્થિક પ્રગતિમાં મંડળીનાં ચેરમેનશ્રી,વા.ચેરમેનશ્રી તથા વ્ય.કમિટી તથા સભાસદોનો સિંહફાળો છે. મંડળીનાં સભાસદ શિક્ષક ભાઈઓ-બહેનો, પે-સેન્ટરના આચાર્યશ્રીઓ તથા થાપણદાર મિત્રોના ખુબ જ ઉમદા સહકાર બદલ આભાર.

આપણી મંડળીનાં વહિવટમાં તાલુકા વિકાસ અધિકારી સાહેબશ્રી, તા.પ્રા.શિક્ષણાધિકારી સાહબેશ્રી, તા.પં.હિસાબી શાખા,તા.પં.સ્ટાફ તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા અને બી.આર.સી. સ્ટાફ તરફથી સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયેલ છે.

મંડળીનો સંપૂર્ણ વહિવટ પારદર્શક રીતે અને ઓનલાઇન કરવામાં આવે છે. મંડળીની તમામ માહિતી તથા સભાસદની તમામ માહિતી મંડળીનાં સોફ્ટવેરમાં ઓનલાઈન મુકવામાં આવે છે.

"આપણી મંડળી આગવી મંડળી" ધ્યેયને આપણા સૌના સહકારથી સાર્થક કરવું છે.

અંતમાં સારૂ હોય તો સૌને કહશો, ભુલ હોય તો અમને કહેશો તેવા હ્રદયભાવ સાથે...

પરેશભાઈ એમ. રાઠોડ
સેક્રેટરીશ્રી
ધો ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી.

# ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી.ધોળકા

## વ્યવસ્થાપક કમિટીનુ નિવેદન

**આદરણીય સભાસદ ભાઈઓ/બહેનો**

**સૌને સ્નેહભર્યા નમસ્કાર**

" વિના સહકાર નહીં ઉધ્ધાર " ને સાર્થક કરી આપ સૌના અનન્ય સહકારથી આપણી મંડળી સહકારી પ્રવૃત્તિનાં માર્ગે મક્કમતા પૂર્વક સમયની સાથે કદમ મિલાવી બારમું કાર્યાન્વિત વર્ષ પૂર્ણ કરી તેરમાં વર્ષમાં પ્રસ્થાન કરે છે ત્યારે આપની સમક્ષ બારમો વાર્ષિક વહિવટી અહેવાલ વ્યવસ્થાપક કમિટી વતી રજુ કરતાં અને વાર્ષિક સાધારણ સભામાં આવકારતા અત્યંત આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

"ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી."ની સ્થાપના કરવાની યોજનાને મુર્તિમંત કરવામાં આપ સૌનો સહિયારો અને અવિરત સહકાર મળતો રહ્યો છે. ગઈ સાલનાં અગીયારમા વાર્ષિક અહેવાલમાં જણાવેલ સિધ્ધિઓ સૌના સહકારથી સફળ કરી તે પારદર્શકતાનું મંડળીની પ્રગતિનું ઉત્તમ પરિણામ છે.જેનાથી આપણે સૌ પરિચિત છીએ. મંડળીનાં વહીવટને પારદર્શક બનાવવા માટે  સમગ્ર માહિતી ડીજીટલ કરવા તેમજ માહિતી ઓનલાઈન કરી સભાસદો કોઈપણ સમયે પોતાની જમા ઉધાર કે અન્ય માહિતી પોતાનાં મોબાઈલ એપ્લીકેશન તથા વેબસાઈટ દ્વારા જોઈ શકે. તેવા આયોજનથી મંડળીના પારદર્શક વહીવટ દ્વારા વિશ્વાસ સંપાદન કરવામાં આવ્યો.ખૂબ જ ટૂંકા સમયમાં આપ સહુનાં સહકારથી મંડળી આપણાં શિક્ષક સભાસદને રૂા.૧૫,૦૦,૦૦૦/- અને વિદ્યાસહાયક સભાસદને રૂા.૫,૦૦,૦૦૦/- સુધીનું કરજ ધિરાણ ખૂબ જ સરળતાથી કોઈપણ પ્રકારની કેશક્રેડીટ મેળવ્યા સિવાય આપી શક્યા છીએ. કરજ ફોર્મ આપે કે તુરંત જ પરિસ્થિતિને આધીન રહી ધિરાણ આપવામાં આવેલ છે.

વર્તમાન સમયની વધતી જતી મોઘવારીની તુલનામાં બેંકો તથા અન્ય નાણાંકીય સંસ્થાઓ કરતાં સરળતાથી નાણાંકીય લેવડ-દેવડ ખૂબજ ઝડપથી આપણી મંડળીમાં સૌને વ્યવહાર આપી શક્યા છીએ. અગાઉનાં સમયમાં આપણાં તાલુકામાં અવ્યવસ્થાનાં ભાગે આપણે સૌએ ગંભીર નાંણાકીય ભીડનો સામનો કરવો પડ્યો છે. સહકારની અપેક્ષાએ તાલુકાનાં સૌ સારસ્વતોને નાંણાકીય મુશ્કેલીઓને પરિપૂર્ણ કરવાનાં વિચાર થકી નવી "ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી."ની મંજૂરી મેળવી અને આજની તારીખે નાંણાકીય ભીડ દૂર કરવામાં આપણે સૌ સફળ બન્યા છીએ. જેમાં મદદરૂપ થનાર સૌના કાયમી ઋણી રહીશુ.

આપ સૌના સાથ સહકારથી અને વ્યવસ્થાપક કમિટિની યોગ્ય કામગીરી થકી ખૂબજ ઓછા વર્ષોમાં આપણે સારૂ એવું પરિણામ મેળવી ચૂક્યા છીએ. સાથે સાથે એ વાત પણ સૌને જણાવીએ કે જે સારૂ પરિણામ મળ્યુ છે. તેમાં વહીવટી કામકાજનું ચુસ્તપણે પાલન અને મંડળીનાં વહીવટી નિયમો મુજબ લેવડ-દેવડ કરવામાં સહકારની અમો અપેક્ષા અને વિશ્વાસ રાખીએ છીએ.

મિત્રો સહકારનો સિધ્ધાંત એ છે કે જરૂરિયાતમંદ દરેક સભાસદને ઓછા વ્યાજે સરળતાથી કરજ મળે. બચત થાપણોનું ઉંચું વ્યાજ,શેર ઉપર વધુ ડિવીડન્ડ મળે.આપણે આ વર્ષથી બચત થાપણ પર ૯.૦૦ % વ્યાજ, ફરજીયાત બચત પર ૯ % અને ચાલુ બચતનું ૮ % વ્યાજ આપવાનું નક્કી કરેલ છે. ચાલુ વર્ષે નફાની ફાળવણી કરી આપ સૌની મંજુરીની અપેક્ષાએ ૧૩%  શેર ડિવિડન્ડ વહેંચવાની નેમ રાખીએ છીએ. હાલમાં કરજ ધિરાણ મર્યાદા રૂા.૧૫,૦૦,૦૦૦/- ની છે.

### મંડળીની આર્થિક સ્થિતિ,વહિવટી કાર્યભારણ અને મર્યાદાઓ તરફ આપનું ધ્યાન  દોરુ છું.

**૧. સભ્ય સંખ્યા :**

વર્ષની શરૂઆતમાં ૪૪૯ સભ્યો હતા. વર્ષ દરમ્યાન ૪૫ નવા દાખલ, ૧૮ સભ્યો બદલી થતાં  ઘટીને વર્ષ ના અંતે ૪૭૭ સભાસદ સંખ્યા રહે છે.

**૨. શેર ભંડોળ :**

વર્ષની  શરૂઆતમાં શેરની સંખ્યા ૧૧,૦,૨૪૦  જેની કિંમત રૂા. ૧,૧૦,૨૪,૦૦૦ હતી  વર્ષ દરમ્યાન ૨૩,૦૪૦/ શેર નવા  ઉમેરાયા  અને ૧૮૯૦/-  શેર  પરત  કરતા  વર્ષના અંતે ૧,૩૧,૫૧૦૦૦ જમા રહે છે. (દરેક શેરની કિંમત રૂા.૧૦૦/- છે.)

**૩. ફરજીયાત બચત :**

વર્ષની શરૂઆતમાં રૂા.૨,૭૫,૧૭,૩૫૯/- બચત હતી. વર્ષ દરમ્યાન રૂા.૬૮,૬૪,૭૮૦/- જમા થયા અને રૂા.૧૨,૦૫,૩૫૯/- ચૂકવ્યા. બાકી રહેલ રકમ રૂા.૩,૩૧,૭૬,૭૮૦/- જમા રહે છે.

**૪. ચાલુ બચત :**

વર્ષની શરૂઆતમાં રૂા.૧,૩૬,૨૫,૯૪૬/- બચત હતી. વર્ષ દરમ્યાન રૂા.૧,૩૪,૨૦,૦૯૧/- જમા થયા અને રૂા.૧,૦૦,૮૩,૪૧૩/- ચૂકવ્યા. બાકી રહેલ રકમ રૂા.૧,૬૯,૬૨,૬૨૪/- જમા રહે છે.

**૫. જુદી બચત (થાપણ) :**

વર્ષની શરૂઆતમાં રૂા.૯,૨૦,૯૦,૯૧૩/- બચત હતી વર્ષ દરમ્યાન રૂા.૧૧,૪૮,૭૪,૦૩૭/- જમા થયા અને રૂા.૧૧,૪૭,૪૪,૪૦૧/- ઉપાડ પેટે ચૂકવ્યા. બાકી રહેલ રકમ રૂા.૯,૨૨,૨૦,૫૪૯/- જમા રહે છે.

**૬. કરજ ધિરાણ :**

વર્ષની શરૂઆતમાં રૂા.૧૫,૬૯,૫૮,૦૫૫/- બાકી હતું. વર્ષ દરમ્યાન નવુ કરજ ધિરાણ રૂા. ૧૦,૮૨,૮૧,૮૦૦/- કરવામાં આવ્યું. તેમાથી રૂા.૯,૪૨,૯૫,૮૫૫/- વસુલાત કરવામાં આવી. વર્ષના અંતે રૂા.૧૭,૦૯,૪૪,૦૦૦/- કરજ બાકી રહે છે.

**૭. ઉપજ :**

પુરા થતા વર્ષમાં મંડળીએ કરજ ઉપરના વ્યાજ પેટે રૂા.૧,૬૯,૦૧,૨૨૦/- આવક થયેલ છે. જેમાથી ૩,૨૫,૬૨૧.૩૬/- વહિવટી ખર્ચ, ફર.બચત વ્યાજ ખર્ચ- ૨૭,૫૧,૩૮૩/- ચાલુ બચત વ્યાજ ખર્ચ- ૧૧,૮૩,૭૩૦/- વધારાની બચત વ્યાજ ખર્ચ ૮૧,૫૩,૫૧૭/- , મૃત્યુ સહાય ખર્ચ રૂા- ૮,૪૦,૦૦૦ /- અને સભાસદ ભેટ જોગવાઈ ૧૪,૦૦,૦૦૦/- કરતા કુલ રૂા.૧,૪૬,૫૪,૨૫૧.૩૬/- ખર્ચ થયેલ છે. કુલ આવક માંથી કુલ ખર્ચ બાદ કરતા રૂ. ૨૨,૪૬,૯૬૮.૬૪/-નો ચોખ્ખા નફો કરેલ છે. વ્ય.કમિટી એ ૧૩% શેર ડિવિડન્ડ વહેંચવાની ભલામણ કરેલ છે.

**૮. વ્યવસ્થાપક મંડળ :**

પુરાં થતાં ૨૦૨૫-૨૦૨૬ માં વ્ય. કમિટીની ૧૨ બેઠક મળી. જેમાં પ્રવેશની ૪૫ , બદલી થતાં રાજીનામાંની ૧૮, કરજ માંગણીની ૧૧૭ અને ચાલુ બચત ઉપાડની ૧૭૮ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. જેમાં વ્ય. કમિટીનાં સભ્યોનો ખૂબ જ સહકાર મળી રહ્યો છે.

# ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી.ધોળકા

આપ સૌનાં સાથ સહકાર થકી સંસ્થા અને સભાસદોનું હિત સચવાય તેવી રીતે પારદર્શક વહીવટ કરવા સૌ સભાસદને ખાત્રી આપીએ છીએ. મંડળીનાં આર્થિક વિકાસની આંકડાકીય માહિતી આપને અહેવાલ પરથી જોઈ શકાય છે. જે મંડળીની પ્રગતિનો આંક દર્શાવે છે. મંડળીની અને સભાસદની પ્રગતિ અને સફળ વહીવટ કરવા માટે સક્રિય રસ લઈ કાર્ય કરનાર વ્યવસ્થાપક કમિટી તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ સહયોગ આપનાર તાલુકા પંચાયત શિક્ષણ શાખા,તાલુકા પ્રા.શિક્ષણાધિકારી સાહેબશ્રી તથા તાલુકા પંચાયત એકાઉન્ટ અધિકારીશ્રી તથા તાલુકા વિકાસ અધિકારીશ્રી, માન.મે. અમદાવાદ જિલ્લા રજિસ્ટ્રાર સાહેબશ્રી(રૂરલ) તથા જિલ્લા રજી. કચેરી તથા ઓડીટર્સશ્રી અમારી ઉપર વિશ્વાસ મૂકનાર સૌ સભાસદ થાપણદારો તથા સંસ્થાનાં પાયામાં જોડાયેલ સભાસદો અને સૌ શુભ ચિંતકોનો અમે ઋણ સ્વીકાર કરીએ છીએ.

આપ સૌના સહકાર,સાથ,સંપ અને સમર્પણથી આગામી વર્ષામાં મંડળી ઉત્તરોત્તર વધુને વધુ પ્રગતિના સોપાનો સર કરે.આપણે સહુ સુખી અને સમૃધ્ધ બનીએ એવી પરમકૃપાળુ શ્રી ગણપતિદાદાના ચરણોમાં પ્રાર્થના.

**આભાર...જય સહકાર...**

| | | |
|---|---|---|
| શ્રી પરેશભાઈ એમ. રાઠોડ | શ્રી ભરતભાઈ જે. ચૌહાણ | શ્રી ખોડુભાઈ એન. પઢિયાર |
| સેક્રેટરીશ્રી | વા.ચેરમેનશ્રી | ચેરમેનશ્રી |
| ૯૯૯૮૮૫૫૧૮૧ | ૯૬૨૪૦૬૯૫૫૬ | ૯૪૨૭૬૩૩૦૩૨ |

## વ્યવસ્થાપક કમિટી સભ્યો અને સ્થાનિક ઓડિટરશ્રીઓ

| | | |
|---|---|---|
| જસુભાઇ સુલતાનભાઇ ચૌહાણ | લક્ષધીરસિંહ ખુમાનસિંહ પઢેરીયા | કિશોરકુમાર બુધાલાલ પરમાર |
| વિપુલકુમાર મોતીભાઈ પ્રજાપતિ | વિનોદભાઈ હનુભાઈ અલગોતર | અલ્પેશભાઈ હરિભાઈ મકવાણા |
| કિરીટસિંહ ગોવિંદસિંહ મંડોરા | બહાદુરસિંહ ચુનીભાઈ ઠાકોર | અમૃતલાલ જ્યંતિલાલ પંચાલ |
| નરેશભાઈ આદલીયાભાઈ રાઠવા | રાધેશ્યામભાઈ પ્રમોદચંદ્ર પટેલ | જશુભાઈ જેઠાભાઈ પરમાર |
| | સંજયગીરી વિનોદગીરી ગોસાઈ | |

**“ સારૂ લાગ્યુ હોય તો સૌને કહેજો,સુધારવા જેવું હોય તો અમને કહેજો. ”**

# ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી.ધોળકા

## તા. ૦૧-૦૪-૨૦૨૫ થી તા. ૩૧-૦૩-૨૦૨૬ ની તારીજ

| વિગત | જમા - | ઉધાર - |
|---|---|---|
| સરભરા ખર્ચ ખાતુ | | ૫૩૭૦.૦૦ |
| સોફ્ટવેર મેન્ટેનન્સ ખર્ચ | | ૩૧૫૦૦.૦૦ |
| મકાન / ઓફીસ ખર્ચ / સફાઈ | | ૧૬૫૦૦.૦૦ |
| મૃત્યુ સહાય ખર્ચ | | ૮૪૦૦૦૦.૦૦ |
| જુદી બચત વ્યાજ ખર્ચ | | ૮૧૫૩૫૧૭.૦૦ |
| ફરજીયાત બચત વ્યાજ ખર્ચ | | ૨૭૫૧૩૮૩.૦૦ |
| ચાલું બચત વ્યાજ ખર્ચ | | ૧૧૮૩૭૩૦.૦૦ |
| ઘસારા ખર્ચ | | ૩૨૭૦૦.૦૦ |
| સભાસદ ભેટ ખર્ચ | | ૧૪૦૦૦૦૦.૦૦ |
| પરચૂરણ ખર્ચ | | ૪૬૦૦.૦૦ |
| જનરલ સભા ખર્ચ | | ૧૧૧૦૫૦.૦૦ |
| ઓફિસ / મહેનતાણા ખર્ચ | | ૯૩૦૦૦.૦૦ |
| સ્ટેશનરી ખર્ચ | | ૫૫૪૦.૦૦ |
| બેંક ચાર્જીસ | | ૧૩૬૧.૩૬ |
| ધિરાણ વ્યાજ આવક | ૧૬૯૦૧૨૨૦.૦૦ | ૦ |
| શેર ભંડોળ | ૨૩૦૪૦૦૦.૦૦ | ૧૮૯૦૦૦.૦૦ |
| ઘસારા ફંડ | ૩૨૭૦૦.૦૦ | |
| રીઝર્વ ફંડ | ૪૧૦૮૫૨.૦૨ | |
| મૃત્યુ ફાળો | ૮૪૦૦૦૦.૦૦ | |
| ડિવિડન્ડ ઈક્વી.ફંડ | ૩૨૮૩૨.૦૦ | |
| શકમંદ લેણાં | ૧૩૮૭.૦૦ | |
| વ્યાજ વળતર | ૨૩૧૩.૦૦ | |
| સ્ટાફ બોનસ | ૯૨૫.૦૦ | |
| સહકાર પ્રચાર ફંડ | ૯૨૫.૦૦ | ૧૧૮૦૦.૦૦ |
| સભાસદ કલ્યાણ | ૯૨૫.૦૦ | ૩૦૦૦૦.૦૦ |
| મકાન ભંડોળ | ૧૮૫૦.૦૦ | |
| ધર્માદા ફંડ | ૯૨૫.૦૦ | |
| શિક્ષણ ફંડ | ૩૨૮૩૨.૦૦ | |
| જુદી બચત ખાતે | ૧૧૪૮૭૪૦૩૭.૦૦ | ૧૧૪૭૪૪૪૦૧.૦૦ |
| ફરજીયાત બચત | ૬૮૬૪૭૮૦.૦૦ | ૧૨૦૫૩૫૯.૦૦ |
| ચાલુ બચત | ૧૩૪૨૦૦૯૧.૦૦ | ૧૦૦૮૩૪૧૩.૦૦ |
| સભાસદ ભેટ જોગવાઈ ખાતે | ૧૪૦૦૦૦૦.૦૦ | ૯૪૨૮૭૫.૦૦ |
| કોમ્પ્યુટર / સોફ્ટવેર ખાતે | ૨૪૦૦૦.૦૦ | ૬૮૪૫૦.૦૦ |
| એસ.બી.આઈ. બેંક | ૧૦૮૧૪૭૫૬૬.૩૬ | ૧૦૮૭૩૧૩૮૬.૦૦ |
| એ.ડી.સી. બેંક | ૪૮૦૧૭૯.૦૦ | ૪૦૦૦૦૦.૦૦ |
| કરજ ધિરાણ | ૯૪૨૯૫૮૫૫.૦૦ | ૧૦૮૨૮૧૮૦૦.૦૦ |
| કોમ્પ્યુટર ઘસારા ખર્ચ ખાતે | | ૨૪૦૦૦.૦૦ |
| ફરજીયાત બચત વ્યાજ ચૂકવવા પાત્ર | ૨૭૧૮૬૦૩.૦૦ | ૨૦૮૮૧૬૧.૦૦ |
| ચાલુ બચત વ્યાજ ચૂકવવા પાત્ર | ૧૧૬૧૪૬૦.૦૦ | ૮૭૮૨૩૫.૦૦ |
| નફા - નુકસાન ખાતે | | ૧૬૪૧૬૦૬.૦૨ |
| શેર ડિવિડન્ડ | ૧૧૫૬૨૯૦.૦૦ | ૧૧૫૫૮૧૦.૦૦ |
| પ્રવેશ ફી | ૪૫૦.૦૦ | ૪૫૦.૦૦ |
| ટોટલ | ૩૬૫૧૦૬૯૯૭.૪૮ | ૩૬૫૧૦૬૯૯૭.૪૮ |

# ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી.ધોળકા

## તા. ૩૧-૦૩-૨૦૨૫-૨૬ નફો - તોટો

| ખાતાનું નામ | જમા | ખાતાનું નામ | ઉધાર |
|---|---|---|---|
| ધિરાણ વ્યાજ આવક ખાતે | ૧૬૯૦૧૨૨૦.૦૦ | સરભરા ખર્ચ ખાતું | ૫૩૭૦.૦૦ |
| | | સોફ્ટવેર મેન્ટેનન્સ ખર્ચ | ૩૧૫૦૦.૦૦ |
| | | મકાન ઓફિસ સાફ સફાઈ | ૧૬૫૦૦.૦૦ |
| | | મૃત્યુ સહાય ખર્ચ | ૮૪૦૦૦૦.૦૦ |
| | | ફરજીયાત બચત વ્યાજ ખર્ચ | ૨૭૫૧૩૮૩.૦૦ |
| | | ચાલું બચત વ્યાજ ખર્ચ | ૧૧૮૩૭૩૦.૦૦ |
| | | જુદી બચત વ્યાજ ખર્ચ | ૮૧૫૩૫૧૭.૦૦ |
| | | સ્ટેશનરી ખર્ચ | ૫૫૪૦.૦૦ |
| | | પરચુરણ ખર્ચ | ૪૬૦૦.૦૦ |
| | | જનરલસભા ખર્ચ | ૧૧૧૦૫૦.૦૦ |
| | | ઓફિસ / મહેનતાણા ખર્ચ | ૯૩૦૦૦.૦૦ |
| | | ઘસારા ખર્ચ | ૩૨૭૦૦.૦૦ |
| | | સભાસદ ભેટ ખર્ચ | ૧૪૦૦૦૦૦.૦૦ |
| | | બેંક ચાર્જીસ | ૧૩૬૧.૩૬ |
| | | કોમ્પ્યુટર ઘસારા ખર્ચ ખાતે | ૨૪૦૦૦.૦૦ |
| | | કુલ ખર્ચ | ૧૪૬૫૪૨૫૧.૩૬ |
| | | ચોખ્ખો નફો | ૨૨૪૬૯૬૮.૬૪ |
| કુલ ટોટલ | ૧૬૯૦૧૨૨૦.૦૦ | કુલ ટોટલ | ૧૬૯૦૧૨૨૦.૦૦ |

## નફા ની ફાળવણી ૨૦૨૫- ૨૬

| ચોખ્ખો નફો રૂા. | ૨૨,૪૬,૯૬૯ | | |
|---|---|---|---|
| રીઝર્વ ફંડ ખાતે | ૨૫% | ૫૬૧૭૪૨.૦૦ | |
| શેર ડિવિડન્ડ ખાતે | ૧૩% | ૧૫૭૮૮૭૬.૦૦ | |
| ડિવિડન્ડ ઈક્વિલાઈજેશન ફંડ ખાતે | ૨% | ૪૪૯૩૯.૦૦ | |
| શિક્ષણ ફંડ ખાતે | ૨% | ૪૪૯૩૯.૦૦ | |
| | | | ૨૨૩૦૪૯૭.૦૦ |

| બાકી રહેલ નફો | ૧૬૪૭૨.૦૦ | | |
|---|---|---|---|
| વ્યાજ વળતર ખાતે | ૨૫% | ૪૧૧૮.૦૦ | |
| સ્ટાફ બોનસ ખાતે | ૧૦% | ૧૬૪૭.૦૦ | |
| સહકાર પ્રચાર ફંડ ખાતે | ૧૦% | ૧૬૪૭.૦૦ | |
| સભાસદ કલ્યાણ ફંડ ખાતે | ૧૦% | ૧૬૪૭.૦૦ | |
| મકાન ભંડોળ ખાતે | ૨૦% | ૩૨૯૪.૦૦ | |
| ધર્માદા ફંડ ખાતે | ૧૦% | ૧૬૪૭.૦૦ | |
| શકમંદ લેણા | ૧૫% | ૨૪૭૧.૦૦ | ૧૬૪૭૨.૦૦ |
| | | | ૨૨૪૬૯૬૯.૦૦ |

# ધી ધોળકા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી.ધોળકા

## તા. ૩૧-૦૩-૨૦૨૬ આખરનું સરવૈયું

| દેવું | | પુંજી | |
|---|---|---|---|
| શેર ભંડોળ | ૧૩૧૩૯૦૦૦.૦૦ | ડેડ સ્ટોક | ૯૭૦૦.૦૦ |
| રીઝર્વ ફંડ | ૩૧૬૦૮૩૨.૭૧ | કોમ્પ્યુટર / સોફ્ટવેર ખાતું | ૧૫૭૭૨૦.૦૦ |
| ઘસારા ફંડ | ૯૨૪૬૭.૦૦ | ફર્નીચર ખાતે | ૧૫૯૬૦૦.૦૦ |
| મૃત્યુ ફાળો | ૪૪૮૨૦૮૦.૦૦ | એસ.બી.આઈ. બેંક | ૬૧૨૯૬૧.૩૫ |
| શિક્ષણ ફંડ | ૧૬૪૫૦૬.૦૦ | એ.ડી.સી. બેંક | ૧૧૫૬૦.૦૦ |
| ડિવિડન્ડ ઈક્વી. ફંડ | ૬૮૦૬૮.૦૦ | કરજ ધિરાણ | ૧૭૦૯૪૪૦૦૦.૦૦ |
| શકમંદ લેણા | ૫૭૨૯૮.૦૦ | | |
| વ્યાજ વળતર | ૯૦૧૧૨.૦૦ | | |
| સ્ટાફ બોનસ | ૮૧૮૪.૦૦ | | |
| સહકાર પ્રચાર ફંડ | ૨૦૩૮૪.૦૦ | | |
| સભાસદ કલ્યાણ | ૨૧૮૪.૦૦ | | |
| મકાન ભંડોળ | ૫૯૩૩૬૮.૦૦ | | |
| ધર્માદા ફંડ | ૩૧૭૮૪.૦૦ | | |
| કોમ્પ્યુટર ઘસારા ફંડ | ૩૪૦૦૦.૦૦ | | |
| ફરજીયાત બચત | ૩૩૧૭૬૭૮૦.૦૦ | | |
| ચાલુ બચત | ૧૬૯૬૨૬૨૪.૦૦ | | |
| જુદી બચત ખાતે | ૯૨૨૨૦૫૪૯.૦૦ | | |
| શેર ડીવીડન્ડ | ૨૦૯૦.૦૦ | | |
| સભાસદ ભેટ જોગવાઈ ખાતે | ૧૪૬૨૧૯૯.૦૦ | | |
| ફરજીયાત બચત વ્યાજ ચૂકવવા પાત્ર | ૨૭૧૮૬૦૩.૦૦ | | |
| ચાલુ બચત વ્યાજ ચૂકવવા પાત્ર | ૧૧૬૧૪૬૦.૦૦ | | |
| ટોટલ | ૧૬૯૬૪૮૫૭૨.૭૧ | | |
| નફો - તોટો | ૨૨૪૬૯૬૮.૬૪ | | |
| કુલ સરવાળો | ૧૭૧૮૯૫૫૪૧.૩૫ | કુલ સરવાળો | ૧૭૧૮૯૫૫૪૧.૩૫ |


શ્રી પરેશભાઈ એમ.રાઠોડ
સેક્રેટરીશ્રી
MO.9998855181

શ્રી ભરતભાઈ જે.ચૌહાણ
વા.ચેરમેનશ્રી
MO.- 9624069556

શ્રી ખોડુભાઈ એન.પઢિયાર
ચેરમેનશ્રી
MO.- 9427266544


## " સહુનો સાથ સહુનો વિકાસ "

| સભાસદ હિસાબ તા. ૩૧-૦૩-૨૦૨૬ મુજબ | | | | |
|---|---|---|---|---|
| નામ | | | શાળા | |
| શેર | ચાલુ બચત | ફરજીયાત બચત | બાકી કરજ(ધિરાણ) | રીમાર્ક |
| | | | | |